વર્ષ ૨૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે • સળંગ અંક ૧૯૦ • મે ૨૦૨૩



## શ્રી નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સરસંઘચાલક
શ્રી મોહન ભાગવતજીનું સન્માન કરતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





આદલસર (મૂળીપ્રદેશ)શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

ખુશેલા (ઝાડીપ્રદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી






રામનગર (કલોલ) મંદિરના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી





રામનવમી અક્ષરભુવન (કાલુપુર) શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેક બાદ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

કર્મ શક્તિ (નરોડા) મંદિરના રજત જયંતી પ્રસંગે સભામાં આશીર્વાદ - દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૬ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૯૦ ● મે-૨૦૨૩


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. અમદાવાદ મંદિરના પ્રેરક સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૦૬

૦૫. ધમાસણા ૦૮

૦૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી ૧૦

૦૭. ભક્તિસુધા ૧૨

૦૮. સત્સંગ સમાચાર ૧૪

# અસ્મદીયમ્

મનુષ્ય માત્રને મુક્તિની ઈચ્છા છે. દુઃખોથી, બંધનથી, જન્મ-મૃત્યુથી અને પરાધિનતાથી છુટકારો મેળવવો છે પરંતુ તેનો માર્ગ મળતો નથી અને કોઈ માર્ગ બતાવે છે તે અનેક જાતના અવરોધો અને સંકટોવાળો વિકટ હોય છે. ત્યાંથી પસાર થવામાં જીવની હિંમત સમાપ્ત થાય છે. કારણ કે સુખ, વૈભવ અને વિષયાશક્તિ જ્યાં સુધી નાશ ન થાય ત્યાં સુધી મોક્ષ અર્થાત્ ભગવાનના ધામની પ્રાપ્તિ થઈ શકે નહીં. આ મોહ, માયા અને વાસના તો ભગવાનના એકાન્તિક ભક્ત થયા વિના છુટતી જ નથી. અને સાચો એકાન્તિક ભક્ત કોને કહેવાય તે શ્રીજી મહારાજે વચનામૃતમાં સ્પષ્ટ અને સરળતાથી કહ્યું છે, - ''મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે - હે મહારાજ ભગવાનનો એકાન્તિક ભક્ત કોને કહીએ - ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે - જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાન્તિક ભક્ત કહેવાય.'' આ મહારાજની વાત છે પણ આપણે તો અનેક જાતની મનમાં ઈચ્છાઓ લઈને ફરતા હોઈએ તો ક્યાંથી એકાન્તિક થવાય તે વિચારવાનું છે. કોઈને મઠ તો કોઈને સંસ્થાઓ ઉભી કરવી છે, તો કોઈને શિષ્યો વધારવા છે. ત્યાં એક ભગવાન ક્યાં રહે આતો અનેક થયું.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (એપ્રિલ-૨૦૨૩)



૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ અમદાવાદ રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર બળોલ (ભાલ) (મૂળી પ્રદેશ) અ.નિ. સાંખ્યયોગી અમરબાના સ્મરણાર્થે આયોજીત કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર રામનગર (તા. કલોલ) ના ૫૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) રામપરા (મૂળી પ્રદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭ થી ૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહામહોત્સવ પોતાના સાનિધ્યમાં ધામધૂમથી સંપન્ન થયો.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર સેલારી (કચ્છ-વાગડ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર આદલસર (તા. લખતર - મૂળી પ્રદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(એપ્રિલ-૨૦૨૩)

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર માલવણ (મહિસાગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ અમદાવાદ રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર દેલમાલ સાર્ધશતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭ થી ૨૧ અને ૨૩ થી ૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહામહોત્સવ પોતાના સાનિધ્યમાં ધામધૂમથી સંપન્ન થયો.

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## અમદાવાદ મંદિરના પ્રેરક સ્વયં

# ભગવાન શ્રીસ્વામિનારાયણ

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)



ભગવાન શ્રી સ્વામિનારાયણના ત્રણ ગૂઢ સંકલ્પ પૈકીનો એક સાંકલ્પ એટલે ઉપાસનાની શુધ્ધિ અર્થે મંદિરો કરી તેમાં પોતાના સ્વરૂપો પધરાવવા. આ સંકલ્પને મૂર્ત સ્વરૂપ આપવા શ્રીહરિએ નંદ સાંતો પાસો નવ મહામંદિરોનું નિર્માણ કરાવી સ્વયં મૂર્તિ પ્રતિષ્ઠા કરી છે. **નવ મહામંદિરો પૈકી અમદાવાદ મંદિરની વિશેષતા એ છે કે તે મંદિરના પ્રેરક સ્વયં શ્રીહરિ છે અને તે વિશ્વનું સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર છે અને તેની જમીન અંગ્રેજ સરકારે સામે ચાલીને શ્રીહરિને શ્રીકૃષ્ણાર્પણ કરી છે.** બાકીના આઠ મંદિરોના નિર્માણ માટે જે તે દેશના અગ્રગણ્ય ભક્તજનોએ શ્રીહરિને પ્રાર્થના કરી છે.

સત્સંગના દ્રોહ અને દુરાચારરૂપી પાપે કરીને પેશ્વા સરકારનો અંત આવ્યો અને સંવત ૧૮૭૪ માં નીતિમાં વર્તનારા અંગ્રેજોનું શાસન થયું. અમદાવાદમાં પ્રથમ એરણ સાહેબ (સર એન્ડ્રુઝ) તથા દુલાપ સાહેબ (સરડનલોપ, બીજું નામ દુર્લભ સાહેબ) આવેલા. ડનલોપ સાહેબ પાસેથી ભગવાન શ્રીહરિને અમદાવાદ મંદિરની જમીન સંપાદનનું સત્સંગનું મહત્વનું કામ લેવાનું હોવાથી અગાઉથી જ તેને પોતાના ભગવાનપણાનો નિશ્ચય કરાવવા માટે ભૂતકાળમાં એક સમયે જંગલમાં તેની એક વિકરાળ વાઘ થકી રક્ષા કરી હતી. આ અંગ્રેજો પોતે ખ્રિસ્તી ધર્મ પાળતા તેમ છતાં ધર્મ અનો નીતિ વાળા મનુષ્યોની સહાય કરવાના સ્વભાવવાળા હોવાથી આપણો ધર્મ સાંભળીને તથા સંતો-હરિભક્તોના આચરણ જોઈને ખૂબ પ્રભાવિત થયા તેથી દુર્લભ સાહેબે છડીદાર કુબેરસિંહને પૂછ્યું કે, હે મંત્રી ! આ નાગરમાં દરેક પ્રજાજનોના સદ્‌ગુરુઓ દૂર દેશાંતરથી આવે છે, તો પછી તમારા ગુરુવર્ય શ્રી સ્વામિનારાયણ અહીં કેમ આવતા નથી ? ત્યારે કુબેરસિંહે અગાઉના પેશ્વા સરકારના ભાઉ નામના સુબાનું સર્વ વૃતાંત કહ્યું. તે સાંભળીને દુર્લભ સાહેબે શ્રીહરિને અમદાવાદ પધારવા લેખિત આમંત્રણ આપ્યું. આ પ્રસંગમાં પણ **પ્રેરણા તો સ્વયં શ્રીહરિની જ હતી.** કારણ કે શ્રીહરિની આજ્ઞાથી સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ અમદાવાદમાં રહીને કુબેરસિંહ છડીદાર આદિક ભક્તોને સાથે રાખી સરકારને મળીને શ્રીહરિના પ્રગટપણાની વાત કરેલી તેથી તે અંગ્રેજ અધિકારીને સત્સંગનો ભારે ગુણ આવેલો.

પત્ર વાંચીને શ્રીહરિ ખૂબ રાજી થયા અને બધા જ પ્રકારના સાજ સજીને અમદાવાદ પધાર્યા. એરણ સાહેબ ઘોડાગાડીમાં બેસીને શ્રીહરિની સન્મુખ આવ્યા. ટોપી ઉતારીને શ્રીહરિને નમસ્કાર કર્યા. વિનય વચનોથી

સ્વાગત કર્યું. ધનાઢ્ય શેઠ હીમાભાઈએ પણ શ્રીહરિનું સ્વાગત કર્યું. પાંચમાં દિવસે એરણ સાહેબે સવારીએ સહિત શ્રીહરિની પોતાને ભવન પધરામણી કરાવી એ સમયે ત્યાં ડનલોપ સાહેબ પણ હાજર હતા. તેમણે પોતાના મંત્રીઓને મળીને એક સંકલ્પ કરી રાખેલો, તે સંકલ્પને અંતર્યામીપણે જાણીને સંકલ્પ પૂરો કરીને શ્રીહરિએ પોતાના ભગવાનપણાના સ્વરૂપની વિશેષ દ્રઢતા કરાવી.

પધરામણી સમયે નીતિ વિષયક સંવાદમાં શ્રીહરિએ ભવિષ્યવાણી ઉચ્ચારેલી કે, તમે જ્યાં સુધી નીતિમાં વર્તશો ત્યાં સુધી વધતા રહેશો અને નીતિનો ત્યાગ કરશો ત્યારે બુદ્ધિમાં અંધકાર થઈ જશે અને પ્રજાને સુખ નહિ રહે અને દુઃખી થશો. સાહેબે શ્રીહરિની વાત જીવનરૂપ જાણી. હાથ જોડી માગ્યું કે જન્મોજન્મ તમારો સત્કાર થાય અને **અમારી મરજી એવી છે કે તમે અહીં મુકામ બાંધો તમે કહો ત્યાં સારામાં સારી જગ્યા અપાવીએ. અમારા જેવા ઘણાક કંપનીને આધીન વર્તે છે અમે સ્વતંત્ર નથી.**

બીજા દિવસે શ્રીહરિ અમદાવાદથી ચાલવા તૈયાર થયા ત્યારે અમદાવાદના આગેવાન ભક્તોને બોલાવ્યા અને કહ્યું કે, નવા વાસની સન્મુખ નાયકના ઘર છે ત્યાં સુધી જેટલી જગ્યા છે તેમાં સંતને ઉતરવા બન્ને બાજુ ધર્મશાળા કરાવજો. **સાહેબને ભાવ હોવાથી કહેશો તેટલી જગ્યા આપશે. સંતને માટે જગ્યા થશે ત્યારે નરનારાયણદેવ ત્યાં આવીને નિવાસ કરશે. પ્રથમ જેટલી જગ્યા કરવાની હતી તેટલી શ્રીહરિએ આવીને નક્કી કરી આપી. જગ્યાની વચ્ચે શ્રીહરિએ ઘોડો ઉભો રાખ્યો હતો તે પગથી જમીન ખણતો હતો. શ્રીહરિ કહે પ્રથમ અમારે ઘોડે મુહૂર્ત કરી દીધું છે. હવે તમારી વારેવાર છે.**

સં. ૧૮૭૫ માં ફરીથી શ્રીહરિ અમદાવાદ પધાર્યા ત્યારે એરણ સાહેબે ભાવથી મળ્યા અને કહ્યું કે, અહીંયા તમે નિવાસ કરો તો અમે ખુશી થઈએ. **પુરમાં અપાર જગ્યા છે. તે જોઈને નિર્ધાર કરો તમે કહો ત્યાં અમે જગ્યા આપીએ ફરી કોઈ નામ લે નહિ. શ્રીહરિ કહે, અમે રાજાની મદદ નહિ હોવાથી જગ્યા બાંધી નહોતી. તમે હવે રાજાના રાજા થયા છો. તેથી તમારી મદદથી સાનુકુળ જગ્યા જોઈને તમને સંભળાવીને પછી અરજી લખીશું. નવા વાસની બહાર આવી શ્રીહરિએ જગ્યા જોઈ તે જગ્યા સારી લાગી.** કુબેરસિંહને બોલાવી કહ્યું કે જેટલી આ ઉજ્જડ જગ્યા છે તે સંતોને માટે લેજો. પ્રથમ જગ્યાનો લેખ કરાવી ધર્મશાળા કરજો. **અમારે નામે ખત લખાવજો, ક્યારેય ફરે નહિ એવો લેખ કરાવજો.** લેખ થઈ રહ્યા પછી નાનાભાઈ વિપ્રને ધર્મશાળાની આજ્ઞા કરી.

ફરીથી સાહેબે શ્રીહરિની પધરામણી કરાવી. ત્યારે સાહેબના પૂછવાથી શ્રીહરિએ સ્વયં પસંદ કરેલી જગ્યા કહી સંભળાવી. સમયાંતરે સંતની જગ્યા દેખી શ્રીહરિ પ્રસન્ન થયા અને કહ્યું કે, **જગ્યાથી ઉત્તર બાજુ ઉજ્જડ જગ્યા આપણે લઈ લેવી છે. જેથી ઉજ્જડ રહે નહિ. શ્રીહરિના સંકલ્પથી પછીની મુલાકાતમાં સાહેબ કહે, અમે જગ્યા દીધી છે એ સિવાય અધિક જે ઉજ્જડ જગ્યા રહી છે તે બધી મલે એવી હોવાથી આપ રાખી લેજો કારણ કે તમારો દિવસે દિવસે ઉદય થતો જાય છે, દિન પ્રતિદિન તમારા આશ્રિતોની સંખ્યા વધતી જાય છે. ત્યારે શ્રીહરિ કહે કે અમારે અહીં મંદિર કરવાનું મન છે. (અહીં એ સિધ્ધ થાય છે કે અમદાવાદ મંદિરના પ્રેરક સ્વયં શ્રીહરિ છે.)** પણ મોટા મતવાળા મંદિર કરવા દે નહિ, એમ જાણી અમે કરતા નથી (માનુષી ચરિત્ર). સર એન્ડ્રુઝ કહે, તમને જગ્યા આપીએ અને તમારું કોઈ નામ લે નહિ એવી બરદાસ રાખીએ તમારું મંદિર થશે એટલે બીજા કેટલાક મતમાં થતી અવેરી બંધ થઈ જશે. માટે દેશો દેશમાં મંદિર કરો જેથી બીજાની નિંદિત વાતો ઉઘાડી પડવાથી ઘટી જશે. **ત્યારે શ્રીહરિ કહે, હે રાજન્ ! જો તમે સૂર્ય, ચંદ્રની સાક્ષીએ તામ્રપત્ર - તાંબાના પતરા ઉપર અચળ લેખ કરીને આપો તો અમે આ નગરમાં મોટું શિખરબંધ મંદિર કરાવીને પછી તે મંદિરમાં આ ભરતખંડના અધિપતિ, સર્વે અવતારોના ઉત્પતિ કારણ સાક્ષાત્ નરનારાયણ ભગવાનની હું સ્થાપના કરીશ.**

સાહેબ કહે, હે મહારાજ ! અમારી સતા ૯૯ વર્ષ સુધીનો દસ્તાવેજ આપવાનો છે. અમારી સત્તા બ્રિટિશ કંપનીને આધીન છે. ભારતમાં મુંબઈના જનરલ સાહેબ સૌથી ઉપરી છે. કોઈ સ્વતંત્ર નથી. સૌથી ઉપરી ઈંગ્લેન્ડની બ્રિટિશ હકુમત છે. ત્યારે શિક્ષાપત્રી શ્લોક નં. ૧૪૩ માં શ્રીહરિએ પોતાના આશ્રિતો માટે જે આજ્ઞા કરી છે તે

(અનુ. પેજ નં. ૯ ઉપર)

## શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણથી પાવન થયેલ પ્રસાદીનું ગામ

# ધમાસણા

- સંકલન : પ્રફુલ ખરસાણી

● અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ ૧ કલાક ૧૫ મિનિટ
● અમદાવાદ એરપોર્ટ થી ૪૭ મિનિટ









**ધમાસણા મંદિર :-** અમદાવાદથી મહેસાણા રેલ્વે લાઈન જાય છે. તેમાં વચ્ચે કલોલ જંક્શન આવે છે. ત્યાં ઉતરી ત્યાંથી માણસા જતી એસ.ટી. બસ દ્વારા ધમાસણા જવાય છે. આ ગામ તાલુકા કલોલ અને જીલ્લા ગાંધીનગરમાં આવેલું છે.

અહીં હરિમંદિર છે. મંદિર દક્ષિણાદા બારનું છે. મંદિરમાં શ્રીજી મહારાજની ઉભી મૂર્તિ પધરાવેલી છે. અહીં શ્રીહરિ ત્રણ વખત પધારેલા છે. મંદિરમાં લીંબડાનું કાષ્ટ પ્રસાદીનું છે. તેમજ ગામમાં સુથાર પુરૂષોત્તમભાઈનું ઘર પ્રસાદીનું છે. જ્યાં શ્રીહરિ થાળ જમેલા છે તેમજ તે ઘર આગળ લીંબડાનું વૃક્ષ હતું તે લીંબડાની ડાળ પકડીને શ્રીહરિ ઝુલ્યા હતા. હાલમાં ત્યાં લીંબડો નથી પરંતુ તે લીંબડાનું કાષ્ટ મંદિરમાં છે તથા ગામથી બહાર બોખલા નામનો કૂવો પ્રસાદીનો છે. જ્યાં શ્રીહરિએ ઓળા ગામથી ધમાસણા પધારતાં જળપાન કર્યા હતાં. અહીંનું મંદિર ઘણું જ વિશાળ અને સુંદર દેખાવનું છે.

**ધમાસણામાં શ્રીહરિ :-** અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા કરતા એક સમયે ઝુલાસણ નામના ગામથી ધમાસણા ગામમાં પધાર્યા. પોતાના ગામમાં શ્રીહરિ પધારે છે તેમ જાણીને તે ગામના જેઠાભાઈ, કેશાજી અને પુરૂષોત્તમ આ ત્રણ સુથાર ભક્તો તથા ભવાનીશંકર નામના બ્રાહ્મણ અને ઝવેરભાઈ નામના વાણીયા તથા મક્કનદાસ, કાશીભાઈ વિગેરે ઘણા પટેલ ભક્તો તથા કંકુ, હીરા, રળીયાત વિગેરે બાઈ ભક્તો આ સર્વે શ્રીહરિના સામા વાજતે ગાજતે ગયા અને તે સ્ત્રી પુરૂષોએ સામા જઈ કુમકુમ, અક્ષત, ચંદન તથા પુષ્પહારોથી સત્કાર કર્યો ત્યારબાદ શ્રીહરિ તે ધમાસણા

ગામમાં પ્રવેશ્યા. ત્યારે પુરૂષોત્તમ નામના સુથાર ભક્ત શ્રીહરિ મહાપ્રભુને દંડવત પ્રણામ કરી પોતાના ઘરે લાવી પ્રેમથી પોતાના ઘરમાં બ્રાહ્મણ પાસે સુંદર થાળ બનાવરાવી શ્રીહરિને જમાડ્યા. શ્રીહરિના જમ્યા બાદ સંતો-પાર્ષદોને પણ અતિ આગ્રહથી ખૂબ ખૂબ જમાડી રાજી કર્યા. ત્યારબાદ શ્રીહરિ મહાપ્રભુ તે ગામમાં એક દિવસ રહીને ત્યાંથી આદરજ નામના ગામે પધાર્યા.

ઓળા ગામથી શ્રીહરિ ધમાસણા પધાર્યા છે તે પ્રસંગને ''હરિલીલામૃત સાગર'' ગ્રંથના ઉ.તરંગ ૬૯માં નીચે પ્રમાણે વર્ણવ્યો છે.

**પછે ત્યાં થકી શ્રી નરવીર ॥**
**ધમાસણે ગામ ગયા ધીર ॥**
**રાયજીને કાશીદાસ આદિ ॥**
**જાણીને થયા સર્વ આહલાદિ ॥૨૦॥**
**સામૈયું કરીને તેણીવાર ॥**
**તેડી ગયા છે ગામ મોજાર ॥**
**કુવા ઉપર વડનું વૃક્ષ ॥**
**તેના હેઠે બિરાજ્યા પ્રત્યક્ષ ॥૨૧॥**
**પછે શ્રીહરિને ત્યાં જમાડ્યા ॥**
**સેવા કરી આનંદ પમાડ્યા ॥**
**પ્રસાદી વધિ છે તેહવાર ॥**
**પ્રભુએ નાખિ કૂપ મોજાર ॥**

આ પ્રમાણે શ્રીહરિએ પોતાના સંતો-પાર્ષદો સહિત ઓળા ગામથી ધમાસણા ગામે પધારી સર્વજનોને પાપમાંથી મુક્ત કરી ધર્મ વિષે જ્ઞાન આપી અધર્મના રસ્તે જતા અટકાવ્યા. સાથે સાથે તે ગામના સર્વભક્તજનો શ્રીહરિને પ્રેમથી જમાડી અમૂલ્ય લાભ મેળવી ખૂબ ખૂબ રાજી થયા. આમ શ્રીહરિએ ધમાસણા ગામની ભૂમિને ખૂબ ખૂબ પાવન કરેલી છે અને ધમાસણાના ભક્તોને સુખીયા કરી અક્ષરધામનું અવર્ણનીય સુખ આપી મોક્ષમાર્ગી બનાવી પરમપદની પ્રાપ્તિ કરાવી ખૂબ સુખીયા કર્યા છે.

અનુ. પેજ નં. ૭ નું ચાલુ

પ્રથમ પોતાના આચરણમાં વ્યવહારિક દીર્ધદ્રષ્ટિનું દર્શન કરાવતા કહ્યું કે, અમારે આ જમીન ૯૯ વર્ષના ભાડે પટ્ટે લેવી નથી. સૂર્ય ચન્દ્ર તપે ત્યાં સુધી માલિકી હક્કના ધોરણે તામ્રપત્ર ઉપર લેખ હોય તો જ અમારે આ જમીન લેવી છે. નહિ તો નથી જોઈતી જમીન અને નથી બાંધવું મંદિર ! ત્યારે સાહેબે બાંહેધરી આપી એટલે શ્રીહરિએ સંતો-ભક્તોને સાથે રાખી નવાવાસની બાજુની પાઠક વાડીની જમીન પસંદ કરી. પછી આ અંગ્રેજ અમલદારોએ શ્રીહરિના ગુણોનું વર્ણન કરતો પત્ર લખીને ઈંગ્લેન્ડની **રાણી વિકટોરીયાના હસ્તાક્ષર કરાવીને સ્પેશીયલ પરવાનગી મંગાવીને આદરપૂર્વક ત્રાંબાના પતરા ઉપર સમગ્ર દસ્તાવેજી કાર્ય મુક્તાનંદ સ્વામીની સીધી જ દેખરેખ નીચે કરાવીને યાવચ્ચંદ્ર દિવાકરૌ તે દસ્તાવજે દુર્લભ સાહેબે બે હાથ જોડીને વિનયપૂર્વક શ્રીહરિને અર્પણ કર્યો. શ્રીહરિ ખૂબ રાજી થયા અને એમને મોક્ષનું વરદાન આપ્યું.**

શ્રીહરિની આજ્ઞાથી આનંદ મુનિએ મંદિરનું નિર્માણ કાર્ય કર્યું. મંદિરના બાંધકામ દરમ્યાન ઘણી વખત વહીવટી કામ અંગે શ્રીહરિને અંગ્રેજ અધિકારીઓની વારંવાર મુલાકાત લેવી ન પડે તે હેતુથી **તે જમાનામાં શ્રીહરિએ તે અંગેનું કુલમુખત્યારનામુ એક રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર કુબેરસિંહ છડીદારને કરી આપેલું અને તેની ઉપર સ્વયં અક્ષરાધિપતિ શ્રી સહજાનંદ સ્વામીએ સહી કરેલી છે. આખા સંપ્રદાયમાં શ્રીહરિની સહીવાળો આવો એક માત્ર પત્ર વર્તમાન કાળે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૮ માં દર્શન આપે છે. પ્રતિષ્ઠા વિધિના સમયે અંગ્રેજ અમલદારોએ વિલાયતી વાજા વગડાવીને સો તોપો ફોડી ને નરનારાયણદેવ પ્રત્યે પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.**

શ્રીનગરના દુલાપ સાહેબ વિલાયત ગયા ત્યારે ત્યાંના અધિપતિને સંપ્રદાયનું સઘળું વૃતાંત કહ્યું. ત્યારે ત્યાંના દેશપતિએ પોતાના ગુરુ જે પાદરી કહેવાય છે તેને જતા આવતાની ખર્ચી આપીને શ્રીહરિની મુલાકાત માટે ભારત મોકલ્યા. આ પાદરીની શ્રીહરિ સાથે નડિયાદમાં ઐતિહાસિક મુલાકાત થઈ પાદરી ખૂબ પ્રભાવિત થયા. અવશ્ય ઘટે તેટલી વાત લખી લીધી એટલું જ નહિ પરંતુ **શ્રીહરિએ દર્શન કરાવેલી છાપની મૂર્તિઓ પણ સાહેબને વિલાયતમાં દર્શન કરાવવા માટે માગી લીધી.**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી

**ફેબ્રુઆરી-૨૦૨૩**

તા. ૧૯-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી રમેશભાઈ શાંતિલાલ ઠક્કર (દોરડાવાળા) લગ્નના ૫૦ વર્ષ ગોલ્ડન જ્યુબીલી નિમિત્તે - હ. કાશીબા પરિવાર - કાંકરિયા-મણીનગર.

**એપ્રિલ-૨૦૨૩**

તા. ૧૪-૦૪-૨૦૨૩ — પ.ભ.શ્રી અમૃતભાઈ શિવાભાઈ પટેલ - વિહારવાળા - હ. પ્રકાશભાઈ તથા વિહાંગભાઈ પટેલ - અમદાવાદ.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી

**ફેબ્રુઆરી-૨૦૨૩**

તા. ૦૧-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી જય, કાજલ તથા માનસી બ્રહ્મભટ્ટ - હ. મનોજભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ - યુ.એસ.એ.

તા. ૦૫-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી વિનોદકુમાર માણેકલાલ પટેલ તથા રાજેશકુમાર માણેકલાલ પટેલ - કલોલ

તા. ૦૭-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી નપુર દિપકભાઈ પટેલ - ભાઈ જયના લગ્ન નિમિત્તે - કુંડાળવાળા-અમદાવાદ

તા. ૦૯-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી નિર્વા ધવલકુમાર મહેન્દ્રકુમાર ભાવસાર - સીડની

તા. ૧૦-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી રાકેશભાઈ અમૃતભાઈ પટેલ - પિતાશ્રીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે - કેનેડા

તા. ૧૨-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી અરવિંદભાઈ સેંધાભાઈ પટેલ - ચિ. કેતન તથા નિશિના લગ્ન પ્રસંગે - બોપલ

તા. ૧૪-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી સરોજબેન હસમુખભાઈ અમીન - કંડારીવાળા - યુ.એસ.એ.

તા. ૧૮-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી નંદકુમાર નારણભાઈ પટેલ - સાચોદરવાળા - હિંમતનગર

તા. ૧૯-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી જગદીશ રતિલાલ ઠક્કર - અમદાવાદ

તા. ૨૨-૦૨-૨૦૨૩ — આપણા સ્વામિનારાયણ મ્યુઝિયમના ૧૨ બારમાં વાર્ષિક ઉત્સવ નિમિત્તે સમૂહ મહાપૂજા યજમાનશ્રી ઘનશ્યામભાઈ કુબેરભાઈ પટેલ - હ. શારદાબેન, ડૉ. સમીર, જીજ્ઞાશા, વ્યોમ તથા નવ્યા - વિહારવાળા - હા. શાહીબાગ

તા. ૨૫-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી નિમેષ ભરતભાઈ પટેલ - હ. ભરતભાઈ કાંતિભાઈ પટેલ - ડાંગરવાવાળા - હા. કેનેડા

તા. ૨૬-૦૨-૨૦૨૩ — પ.ભ.શ્રી આદિત્ય પંકજભાઈ મુધોળકર - સેટેલાઈટ

**માર્ચ-૨૦૨૩**

તા. ૦૩-૦૩-૨૦૨૩ — પ.ભ.શ્રી ગોવિંદભાઈ રામદાસ પટેલ - ઈટાદરા - હ. નરેશભાઈ તથા હરેશભાઈ.

તા. ૦૪-૦૩-૨૦૨૩ — પ.ભ.શ્રી અમૃતભાઈ મગનદાસ પટેલ - ડાંગરવાવાળા - ન્યુ રાણીપ.

તા. ૦૫-૦૩-૨૦૨૩ — પ.ભ.શ્રી મુકેશકુમાર બળદેવભાઈ પટેલ - ડાંગરવાવાળા - ન્યુ રાણીપ.

તા. ૦૮-૦૩-૨૦૨૩ — પ.ભ.શ્રી ઠાકરશીભાઈ કરશનભાઈ પટેલ - યુ.એસ.એ.

તા. ૧૨-૦૩-૨૦૨૩ — પ.ભ.શ્રી નટુભાઈ કાંતિલાલ પટેલ - મારુસણાવાળા - હા. કડી.

| | |
|---|---|
| તા. ૧૫-૦૩-૨૦૨૩ | પ.ભ.શ્રી દર્શિવ સૌમિલભાઈ પટેલના જન્મ નિમિત્તે - હ. કાંતિભાઈ રામદાસ પટેલ. |
| તા. ૧૯-૦૩-૨૦૨૩ | પ.ભ.અ.નિ.શ્રી નિર્મળાબેન રસિકલાલ લલ્લુદાસ તથા અ.નિ. પ્રવિણભાઈ રસિકલાલ લલ્લુદાસ ભાવસારના સ્મરણાર્થે - હ. અલ્કાબેન પ્રવિણભાઈ ભાવસાર - |
| તા. ૨૩-૦૩-૨૦૨૩ | પ.ભ.શ્રી જયેશભાઈ પરસોતમભાઈ ગજ્જર પરિવાર - રામબાગ-કાંકરિયા. |
| તા. ૩૧--૦૩-૨૦૨૩ | પ.ભ.શ્રી ભાવનાબેન ગોવિંદભાઈ મિસ્ત્રી - નિર્ણયનગર. |

**એપ્રિલ-૨૦૨૩**

| | |
|---|---|
| તા. ૦૨-૦૪-૨૦૨૩ | પ.ભ.શ્રી ભગવાનભાઈ હંસરાજભાઈ પટેલ - ખંડેરાવપુરા. |
| | (૧૧ વાગે) પ.ભ.શ્રી કંચનબેન મનસુખલાલ વોરા - નારણપુરા. |
| તા. ૦૩-૦૪-૨૦૨૩ | પ.ભ.શ્રી મનીષ રવજી વેકરીયા - ઓસ્ટ્રેલીયા. |
| તા. ૦૮-૦૪-૨૦૨૩ | પ.ભ.શ્રી નંદુભાઈ ખેમચંદભાઈ પટેલ - મોટપવાળા - સુરત. |
| | (બપોરે) પ.ભ.શ્રી કાંતિ નારણ હાલાઈ - મેઘપર-કચ્છ - યુ.કે. |
| તા. ૦૯-૦૪-૨૦૨૩ | પ.ભ.શ્રી કરશનભાઈ રામજીભાઈ હાલાઈ - કોડકી-કચ્છ - હ. નારણભાઈ તથા લાલજીભાઈ તથા નિલેષભાઈ. |
| તા. ૧૧-૦૪-૨૦૨૩ | પ.ભ.શ્રી લાભુબેન રમણીકભાઈ ચૌહાણ - કાચા ટેલર્સ - લંડન. |
| તા. ૧૬-૦૪-૨૦૨૩ | પ.ભ.શ્રી પ્રિતેષ મુળજીભાઈ નાથાણી - ન્યુઝીલેન્ડ. |
| તા. ૨૨-૦૪-૨૦૨૩ | પ.ભ.અ.નિ.શ્રી કનૈયાલાલ પરસોતમદાસ ચૌહાણ તથા અ.નિ. ધનગૌરીબેન કનૈયાલાલ ચૌહાણ - બીજી પુણ્યતિથિ નિમિત્તે - હ. ભરતભાઈ કનૈયાલાલ ચૌહાણ - સી.ટી.એમ. - અમદાવાદ. |
| તા. ૨૯-૦૪-૨૦૨૩ | પ.ભ.શ્રી નિતેષ નટવરભાઈ પટેલ - કરજીસણવાળા - ફલોરિડા |
| તા. ૩૦-૦૪-૨૦૨૩ | પ.ભ.શ્રી અરવિંદ ગોવિંદ મેધાણી - બળદિયા-કચ્છવાળા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી

**ફેબ્રુઆરી-૨૦૨૩**

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. હંસાવતીબેન, મયુરીબેન, બીનાબેન, ભૂમિબેન, આકાશભાઈ તથા દશરથભાઈ પટેલ - વડુ |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. રમણભાઈ કચરાભાઈ પટેલ - હ. મધુબેન, અજયભાઈ, ફેક, સીમા તથા એકતા. |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ. બાબુભાઈ મથુરભાઈ પટેલ - માણસાવાળા હા. અમદાવાદ |

**માર્ચ-૨૦૨૩**

| | |
|---|---|
| રૂા. ૨,૦૦,૦૦૦/- | પ.ભ. શ્રીમતી લીલાબેન પ્રહલાદભાઈ પટેલ - યુ.એસ.એ. - કરજીણવાળા - અમદાવાદ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "જીવનમાં પ્રેમભાવની પ્રધાનતા રાખવાની"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

જ્ઞાની અને પ્રેમી એ જે બે પ્રકારના ભક્તો છે ને તેમાં બન્નેએ ભગવાનને ઓળખ્યા છે. બન્ને સાચા છે. પણ બન્નેમાં ફેર એ છે કે જ્ઞાની ભક્ત જ્ઞાન થકી પરમાત્માને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. તો એમાં વચ્ચે અહમ્ ક્યારેક ક્યારેક આવી જ જાય છે. અને અહમ્થી ભગવાન દૂર થાય છે. એટલે જ્ઞાની ભક્તમાં એવી બીક રહે છે કે અજાણતા પણ જો અહમ્ આવી જાય તો એ ભગવાનથી દૂર થઈ જાય છે. અને પ્રેમ ભક્તિમાં કોઈ અહંકાર હોતો નથી. અર્થાત્ **જ્ઞાનીને અજ્ઞાની થવાની બીક રહે છે.** પણ પ્રેમી ભક્તનું જીવન કેવું હોય છે કે હું ભગવાનને વધારે ને વધારે પ્રેમ આપુ અને પ્રેમમાં એવી બીક પણ રહે છે કે જેને હું પ્રેમ કરું છું એને બીજા ઉપર પ્રેમ ના થઈ જાય એટલે એવી બીકમાં પણ પ્રેમ વધે છે. એક માતા હોય છે. અને એ માતાને બે બાળક હોય છે. તો એક બાળક છે કે જે બાળક પોતાની માતાની આંગળી પકડીને ચાલે છે. અને બીજું બાળક છે કે જેની આંગળી તેની માતાએ પકડી છે. તો એ બન્ને બાળકમાં કયુ બાળક વધારે સુરક્ષિત છે ? **તો માતાએ જેની આંગળી પકડી છે તે બાળક વધારે સુરક્ષિત છે. કેમ કે ? બાળકે માતાનો હાથ પકડ્યો છે. તેમાં આંગળી છૂટી જવાની બીક હોય છે. કે કોઈ મનગમતી વસ્તુ જોઈને એને પામવા દોડે છે. અને બાળકની આંગળી છૂટી શકે છે. પરંતુ માતા છે તે બાળકનો હાથ છોડતી નથી. તો જ્ઞાની ભક્ત અને પ્રેમી ભક્તમાં એ જ ફેર છે કે જે પ્રેમી ભક્ત હોય છે એના ઉપર ભગવાનનો વિશેષ રાજીપો હોય છે. ભગવાન એનો હાથ પકડે છે. અને જ્ઞાની ભક્તને જો ક્યારેક એવો વિચાર પણ આવી જાય કે હું મારા જ્ઞાનથી ભગવાનને પામ્યો છુ તો એ ભગવાનથી દૂર થઈ શકે છે. પણ પ્રેમી ભક્તનો હાથ ભગવાન પોતે પકડી રાખે છે.** જ્ઞાની ભક્ત થવું એ ખોટી વસ્તુ નથી. પણ એમાં બીક હોય છે. જો શબરી હતી તો એ જ્ઞાની ભક્ત નહોતી અને એ આપણા કરતા પણ ઓછી જ્ઞાની હતી. કેમ કે ? આપણને ખબર પડે છે કે ભગવાનને એઠું ન ખવડાવાય પણ શબરીને ખબર નહોતી ભગવાન ઉપર એટલો બધો પ્રેમ હતો કે ભગવાનને બોર ખાટા ન લાગે માટે બધા ચાખીને રાખ્યા હતા. તો ભગવાને શબરીના પ્રેમના વશ થઈને એઠા બોર આરોગ્યા હતા. તો અહિંયા કહેવાનું તાત્પર્ય એ છે કે **જ્ઞાની ભક્ત કરતા પ્રેમી ભક્ત બનવું વધારે સારુ છે.** આપણે વિચારીએ તો આપણને ખ્યાલ આવે કે આપણને ધનમાં, પરિવારમાં કેટલો બધો પ્રેમ છે. જો એનો અડધો પણ ભગવાન સાથે કરશું ને તો આપણું કામ થઈ જશે. આપણે કેટલો બધો સમય પરિવાર સાથે વિતાવીએ છીએ પણ ભગવાન સાથે એટલે કે સત્સંગમાં એટલો સમય નથી આપતા. રોજનું નિયમ હોય છે એટલે થોડીવાર માટે કરીએ છીએ. નિત્ય-નિયમ એ બધું કરો છો તો કેવી રીતે કરો છો. થોડીવાર માટે પતાવવા માટે યંત્રવત કરો છો. શાંતિથી નહિ. શું બોલે છે. એ પણ ખબર નથી પડતી એટલું ઝડપથી બોલો છો. જવાબદારી છે. પુરુ કરવાનું છે એવું માનીને ભક્તિ કરીએ છીએ. **ખરેખર સંસાર વ્યવહારમાં એવું કરવાનું છે. જવાબદારી અને ફરજો પુરી કરવાની છે.** જ્યારે આપણે ભગવાનના કાર્યોમાં એવું કરીએ છીએ. ધારો કે ૫૦ કે ૧૦૦ માળા કરવાની છે તો પૂરી કરી દઈએ એવું નહિ. કરવાનું કે બસ પતાવવાનું છે. પણ કેમ વધારે ભક્તિ થાય એવો ભાવ રાખવાનો છે. દીકરા દીકરીને એક દિવસ ના જોયા હોય તો કેવી વ્યાકુળતા થાય છે. અને બે દિવસ મંદિર ના જવાયું હોય તો એવી વ્યાકુળતા થાય છે ? નથી થતી તો કેમ નથી થતી. **તો એ ભગવાનને મૂર્તિ સ્વરૂપે મનાય છે. માટે તો મૂર્તિમાં પ્રત્યક્ષ ભાવ રાખવો પડે. ભગવાન ભાવને ગ્રહણ કરે છે.** વધારે ભણેલા લોકો હોય ને એ લોકો આપણને એવા પ્રશ્ન કરે છે કે અમે બધું ભાવથી કરીએ છીએ. બધું ભગવાનને અર્પણ કરીએ છીએ. બધું ભગવાન માટે જ બનાવીએ છીએ પણ થાળીમાંથી કોઈ દિવસ ઓછું થાય છે ? ભગવાન ક્યાં આરોગે છે. ભાવથી બનાવીએ છીએ તો પણ કેમ નથી ગ્રહણ કરતા.

તો તેને સમજવા માટે એક ઉદાહરણ લઈએ. તો દરેક પુષ્પમાં મધ હોય છે. તો પુષ્પના અંદરથી જ્યારે મધમાખી મધ કાઢે છે તો ફુલમાં કાંઈ ફેર લાગે છે ? પુષ્પ તો જેવું હોય છે એવું ને એવુંજ  હોય છે. તે ફુલને જોઈને કોઈને કાંઈ ખબર પડતી નથી. ફુલની પાંખડી પણ નથી પડતી. કાંઈ નથી થતું. **તે માત્ર ને માત્ર મધમાખીને જ ખબર પડે છે કે જે મધ લઈને જાય છે. તો ભગવાનનું પણ એવું જ છે. ભગવાન આવીને તમારો ભાવ ગ્રહણ કરી જાય છે.** તો મહારાજ એવી રીતે ગ્રહણ કરે છે. ભગવાન કાંઈ પ્રત્યક્ષ આવીને બેસીને જમીને નથી જવાના. તમને થાળ જોઈને ખબર પણ નહિ પડે અને મહારાજ જમી જાય છે. જેમ મધમાખી ફૂલમાંથી મધ લઈ જાય છે.

અને દરેક વ્યક્તિએ દરરોજ ભગવાનને ધન્યવાદ આપવાનું નહી ભૂલવાનું. એવું નહિ માનવાનું કે હું કમાઉ છું એટલે બધું મળે છે. પણ એવું રાખવાનું કે **ભગવાન આપે છે. કૃપા કરે છે. દયા કરે છે. એટલે બધુ મળે છે.** મહેનત કરો તો ફળ મળે બરાબર છે અને મળવું જ જોઈએ. પરંતુ મહેનતથી જ જો બધું મળતું હોય તો મજૂર લોકો કેટલી બધી મજૂરી કરે છે. એમને વધારે મળવું જોઈએ ને ? રોજના ૧૮ કલાક ૨૦ કલાક મજૂરી કરતા હોય છે. પથ્થર ઘડતા હોય છે. વજન ઉંચકતા હોય છે. કેવી કેવી મજૂરી કરતા હોય છે. તો પણ બે ટાઈમનું પુરુ થશે કે નહિ એની ચિંતા હોય છે. અને માત્ર રોટલા અને શાક પણ નક્કી નથી હોતું કે મળશે કે કેમ ? તો આપણે એવી મહેનત કરવી જ નથી પડતી. **એ ભગવાનની આપણી ઉપર કૃપા છે. મેં મહેનત કરી એટલે મને મળ્યું એ આપણો ભ્રમ છે.** જો એવું જ હોય તો એ લોકો વધારે મહેનત કરે છે. તો એ લોકોને આપણા કરતા વધારે સારુ છપ્પનભોગ મળવા જોઈએ પણ એવું નથી થતું. કેમ ? **તો આપણા ઉપર ભગવાનની દયા છે. માટે બેઠા બેઠા બધું મળી ગયું છે. આપણે તો લાડવા ખાઈને સત્સંગ કરવાનો છે. મહારાજે કીધું છે ને મારા ભક્ત અન્ન વસ્ત્રે દુઃખી નહિ થાય. આપણા જીવનમાં કોઈ દિવસ એવું નથી બન્યુ કે ભૂખ્યું રહેવું પડે.** કદાચ કોઈના ઘરમાં ના હોય તો મંદિર તો કાયમ ખુલ્લાં જ હોય છે. ક્યારેય કોઈ પણ દિવસ મંદિરમાં કોઈને એવું કહેવામાં નથી આવતું કે તમને જમવા નહિ મળે. કહેવાનો અર્થ છે કે ભગવાનના શરણાગત જે છે એ ક્યારેય અન્નવસ્ત્ર વગર નથી રહેતા. માટે ભગવાને માગ્યા વગર જ બધું આપી દીધું છે. મોટામાં મોટું તો એ છે કે આ મનુષ્ય શરીર આપ્યું છે. આ શરીર થકી જ બધુ શક્ય છે. ઉપયોગ (સદ્‌પયોગ) કરી લેવાનો. જેવી રીતે આ જગતમાં રહેવા માટે માણસ મહેનત કરે છે કમાઈ કરે છે. એવું થાય છે કે અત્યારે સમય છે તક છે, હાથ પગ ચાલે છે તો કમાઈ લઈએ. પછી ધન એકત્રિત કરીને પોતાને રહેવા માટે કાયમી ઘર બનાવે છે. અને પછી શાંતિ થાય છે. એ બધું ક્યારે થાય છે ? તો જ્યારે સમજીને સમયનો સદ્‌પયોગ કરીને કમાઈ કરે છે. ત્યારે જો એવું ન કરે તો પોતાનું કાયમી રહેઠાણ થતું નથી ભાડાના મકાનમાં રહેવું પડે છે. અને સમય સમય ઉપર બદલવું પડે છે. ભટકવું પડે છે. એક ઘરથી બીજા ઘર **એવી જ રીતે આપણું આ શરીર પણ એક ભાડાનું મકાન છે. જેમાં આત્માનો વાસ છે. મુદત પુરી થશે એટલે ખાલી કરવું જ પડશે.** અને જે રીતે આવડત હશે, લાયકાત હશે જે કમાણી હશે એ પ્રમાણે બીજુ મકાન (બીજું શરીર) મળશે અને જો આ જન્મમાં જ તક અને સમયનો સદ્‌પયોગ કરીને **આધ્યાત્મિક કમાઈ કરી લેશો તો એ જે જમા થયેલી આધ્યાત્મિક કમાણી છે એનાથી જ તમને તમારું કાયમી નિવાસ મળી જશે. પછી ભાડાના મકાનમાં ભટકવુ નહી પડે ! અર્થાત્ 'કાયમી નિવાસ' (ભગવાનનું ધામ) મળી જશે.** તો અત્યારે બધી સાનુકુળતા છે. તક છે. મંદિર છે. શાસ્ત્રો છે. સત્સંગ છે. નરનારાયણદેવ છે. શુ ખામી છે ? બધું જ છે. બસ ઉપયોગ કરીને આધ્યાત્મિક કમાઈ કરવાની છે. મહેનત કરવાની છે. અને તમે બધા મહેનત કરો જ છો. એટલે જ અહીંયા બેઠા છો. પ્રેમી ભક્ત છો. એટલે આવ્યા છો. નરનારાયણદેવના દર્શન કરવા આવો છો. બધુ બરાબર છે. બધું જ સારુ કરો છો, પણ એક જ વસ્તુનું ધ્યાન રાખવાનું છે કે સજાગ અને સચેત રહેજો. બસ પ્રેમ ભક્તિને વધારે બળ આપજો. ભગવાનની સાથે જો પ્રેમ થઈ જશે તો બીજું બધું પ્રયત્ન વગર આપોઆપ આવી જશે.

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ
## શ્રીનરનારાયણદેવનો ૨૦૧ મો પાટોત્સવ મહોત્સવ

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવનો ૨૦૧ મો પાટોત્સવ મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય કથા તા. ૨૦-૦૨-૨૦૨૩ થી તા. ૨૨-૦૨-૨૦૨૩ સુધી પૂજ્ય મહંત સ.ગુ.શા. સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે થઈ હતી.

ફાગણ સુદ-૩ તા. ૨૨-૦૨-૨૦૨૩ ના સવારે ૬-૩૦ થી ૭-૦૦ કલાક પર્યન્ત પ.પૂ. મોટા મહારાજશ્રી અને પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ષોડશોપચાર મહાભિષેક વેદોક્ત વિધિપૂર્વક સંપન્ન થયો હતો.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવાર પ.ભ.અ.નિ. શિવાભાઈ માધવદાસ પટેલ (વિહારવાળા)ના પુત્ર પ.ભ. અમૃતભાઈ, પ.ભ. જયંતીભાઈ પટેલ આદિ પરિવારોએ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી રૂડા આશીર્વાદ મેળવ્યા હતા. પાટોત્સવના સહ યજમાન પદનો લાભ શ્રી નરનારાયણદેવ મહિલા મંડળે (કાલુપુર મંદિર) લીધો હતો.

પૂ. મહંત સ્વામી આદિ વિદ્વાન સંતોએ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો મહિમા માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

## અમદાવાદ મંદિરમાં ફુલદોલોત્સવ ઉજવાયો

ભરતખંડના રાજાધિરાજ સર્વોપરી શ્રી નરનારાયણદેવના પ્રાકટ્યોત્સવ દિન ફાગણ વદ-૧ તા. ૦૮-૦૩-૨૦૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનું પૂજન અર્ચન કરી આરતી ઉતારીને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળને પ્રસાદીના અબીલ-ગુલાલ છાંટીને મંદિરના પ્રસાદીના ચોકમાં હજારો ભક્ત સમૂદાયને કેસૂડાના અલૌકિક રંગથી ભીંજવી દીધા હતા. સતત એક કલાક સુધી શ્રી નરનારાયણ ભગવાનના આશ્રિતોએ આવો દિવ્ય અલૌકિક લાભ લઈ તૃપ્ત થયા હતા. પૂ. મહંત સ્વામીએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. (કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

## શ્રી રામનવમી-શ્રીહરિ પ્રાકટ્યોત્સવ

ચૈત્ર સુદ-૯ તા. ૩૦-૦૩-૨૦૨૩ ના રોજ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્યોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો. સવારે ૬-૩૦ થી ૭-૦૦ અક્ષરભુવનમાં બિરાજમાન સર્વોપરી છપૈયાધિશ બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક ધામધૂમથી સંપન્ન થયો હતો. બપોરે ૧૨-૦૦ કલાકે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનનો પ્રાકટ્યોત્સવ આરતી ધામધૂમથી થઈ હતી. રાત્રે ૧૦-૧૦ સર્વોપરી અવતારના અવતારી એવા ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાકટ્યોત્સવની આરતી ખૂબજ ભવ્ય અને ધામધૂમથી સંપન્ન થઈ હતી. હજારો ભક્તજનોએ આજના આ રૂડા મંગળ દિને ભગવાન શ્રીહરિના દર્શનનો અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. સમગ્ર સુંદર આયોજન પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજીના માર્ગદર્શન-પ્રેરણાથી થયું હતું. (કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિપાર્ક નો રજત જયંતી મહોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ પાર્ક (નવા નરોડા)માં એપ્રિલ ૧૯૯૮ માં પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે દેવોની પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થયેલ, એ અવસરને ૨૫ વર્ષ પૂર્ણ થવાથી શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી અને ગાંધીનગર મંદિરના મહંત

સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા અને માર્ગદર્શનથી તથા શા. સ્વામી વ્રજભૂષણદાસજી (કોટેશ્વર) એવમ્ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સહ સત્સંગ સમાજના આયોજનથી તા. ૩-૪-૨૩ થી તા. ૯-૪-૨૩ પર્યન્ત રજત જયંતી મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો.

મહોત્સવના ઉપલક્ષમાં કથા પારાયણ, વિવિધ અન્નકૂટ દર્શન, અભિષેક, પ્રાસંગિક સભા તથા વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક અને સામાજિક પ્રવૃતિઓનું આયોજન થયું હતું.

સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતમય શૈલીમાં શ્રીમદ્ ભાગવત રાત્રીય સપ્તાહ પારાયણનું આયોજન થયું હતું. અગ્રગણ્ય સંતોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય તથા કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજીના મંગલ ઉદ્બોધનથી મહોત્સવનો શુભારંભ થયો હતો. કથા અંતર્ગત પોથીયાત્રા - નગરયાત્રા, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ અને રાસોત્સવ ખૂબ ઉમંગ અને ઉલ્લાસ સાથે સંપન્ન થયા હતા. ઠાકોરજીની જાન ખૂબ શોભા સાથે હર્ષદ કોલોની મંદિરથી પ્રયાણ થઈ કર્મશક્તિ મંદિરે થઈને મહોત્સવ સ્થળે પહોંચી હતી.

પાટોત્સવના દિવસે છપ્પન ભોગ અન્નકૂટની આરતી પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પાટોત્સવના દિવસે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી તથા મહોત્સવ દરમિયાન પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. મહોત્સવ દરમિયાન ધામોધામથી ૧૦૦ જેટલા બ્રહ્મનિષ્ઠ સંતો પધાર્યા હતા.

મહોત્સવના મુખ્ય યજમાનપદે પ.ભ. પરસોતમભાઈ ટી. પટેલ (ભાઉપુરા), ભીખાભાઈ આર. સરધારા (બાઢડા) તથા દુર્લભભાઈ જી. સાવલિયા, કથા પારાયણના મુખ્ય યજમાનપદે પ.ભ. પ્રફુલભાઈ ડી. ગેલાણી આદિક નાના મોટા ૧૩૦ જેટલા યજમાનશ્રીઓએ દિવ્ય લાભ લીધો હતો. ધર્મકુળ તથા સંતોનું યથોચિત પૂજન તથા યજમાનશ્રીઓ અને મહાનુભાવોનું યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું.

પૂર્વ અમદાવાદ નિકોલ-નરોડા વિસ્તાર ખૂબ વૃધ્ધિ પામ્યો હોવાથી પ.પૂ. મહારાજશ્રીએ આ વિસ્તારમાં આપણા એક નૂતન મંદિરના નિર્માણ માટે પૂ. પી.પી. સ્વામી (ગાંધીનગર)ને આજ્ઞા આપવાથી, જાહેરાત થતાની સાથે જ ઘણા દાતાશ્રીઓએ ઘણી મોટી રકમ નોંધાવી હતી. પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દરેકને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી મહોત્સવના ઉપલક્ષમાં એક વર્ષ દરમિયાન થયેલી ધાર્મિક અને સામાજિક સેવા પ્રવૃતિઓ

(૧) ધાર્મિક : ૨૫૦૦ ભક્તજનો દ્વારા અઢી કરોડ મંત્ર લેખન, કર્મ શક્તિ મંદિરમાં ૨૫ કલાકની ધૂન, અમદાવાદ મંદિર કાલુપુર, એપ્રોચ, હર્ષદ કોલોની, નિકોલ અને આદિશ્વરનગર નરોડા મંદિરમાં કુલ ૩૫ કલાકની ધૂન, ૨૫ ની સંખ્યામાં સત્સંગ સભા, ઘર સભા (ધૂન-કીર્તન), જન મંગલ સમૂહ પાઠ, સામૂહિક વંદુના પાઠ, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી રચિત ૧૦૮ પદનું ગાન, પ્રસાદીના સ્થળોના દર્શન, ૨૫૦ ભક્તજનોની સંખ્યામાં ભજન ભક્તિના વિવિધ નિયમો, સમૂહ મહાપૂજા, પદયાત્રા દ્વારા કાલુપુર મંદિર શ્રી નરનારાયણદેવનું દર્શન, પૂ. પી.પી. સ્વામી અને સંતોના સાનિધ્યમાં ૨૫૦૦ ભક્તજનોની ઉપસ્થિતિમાં સત્સંગ સભા સાથે શાકોત્સવ તેમજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સમૂહ મહાપૂજા અને અભિષેક,.

(૨) સામાજિક : ૨૫૦ ની સંખ્યામાં હેલ્થકાર્ડ, શ્રમકાર્ડ વગેરે સરકારી યોજનાઓનો લાભાર્થીને લાભ, વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, જરૂરિયાતમંદ વ્યક્તિઓને ધાબળા (બ્લેન્કેટ), વિધવા બહેનોને કીટ, યુવકો દ્વારા રાત્રી ક્રિકેટ ટુર્નામેન્ટ જેમાં એપ્રોચની ટીમ ફાઈનલમાં વિજેતા બની હતી. ગરીબોને ૨૫૦ જોડી ચંપલ, દર્દીઓને ૨૫૦ બ્લડ બેગ્સ રક્તદાન, ઉપરાતં મહોત્સવ સ્થળે ૩૧ બ્લડ બેગ્સ રક્તદાન, ૨૫૦૦ ની સંખ્યામાં સિવિલ, શારદાબેન, જીસીએસ વગેરે હોસ્પિટલોમાં દર્દીઓને ફળોનું વિતરણ, ગરીબ વિસ્તારમાં રીસાયકલીંગ કપડાનું વિતરણ, શહેરના પછાત વિસ્તાર તથા આજુબાજુના ગામડાઓમાં ગરીબોને ભોજન વિતરણ, ૨૫ જાહેર સ્થળોએ સફાઈ અભિયાન, સર્વ રોગ નિદાન કેમ્પના માધ્યમથી ૧૨૦૦ દર્દીઓની નિઃશુલ્ક તપાસ તથા રાહત દરે સારવાર, કથાના શ્રોતાજનોને ૩૫૦૦૦ પ્રસાદ બોક્ષનું વિતરણ અને ૨૫૦૦૦ ભક્તજનોને ભોજન પ્રસાદ, સામાજિક પ્રવૃતિઓમાં અંદાજિત રૂા. ૨૫ લાખનો ખર્ચ (આંકડાકીય માહિતી પ.ભ. શ્રી ડી.એમ. વેકરીયા) લાઈવ પ્રસારણ - કર્તવ્ય ચેનલ તથા કાલુપુર મંદિરની યુ-ટ્યુબ ચેનલ અને ફેસ બુક. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગરનો ૧૮ મો વાર્ષિક પાટોત્સવ તથા બહેનોના મંદિરમાં નૂતન શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા**

શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળ

પરિવારના શુભ આશીર્વાદથી અને અ.નિ. ભંડારી દાદા શ્રી જાનકીવલ્લભદાસજી સ્વામીના શિષ્ય મંડળ (એપ્રોચ)ની પ્રેરણા અને માર્ગદર્શનથી ઉપરોક્ત મહોત્સવ તા. ૨૭-૦૧-૨૦૨૩ થી તા. ૨૯-૦૧-૨૦૨૩ પર્યંત ખૂબ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો.

મહોત્સવના ઉપલક્ષમાં શા. સ્વામી શ્રી અભિષેકપ્રસાદદાજી (વડનગર)ના વક્તાપદે સુંદર સંગીતમય શૈલીમાં વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત હરિસ્મૃતિની ત્રિદિનાત્મક કથાનું આયોજન પ.ભ.શ્રી રમેશભાઈ એ. પટેલના યજમાન પદે થયું હતું. પ્રસંગ અંતર્ગત કાલુપુર મંદિર પદયાત્રા, પોથીયાત્રા, સંહિતાપાઠ, શ્રી ઠાકોરજીની નગરયાત્રા, શ્રીહરિયાગ યજ્ઞ, પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે મહાભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ આરતી, પ્રાણપ્રતિષ્ઠા તથા અંતમાં પ્રાસંગિક સભાનું આયોજન થયું હતું. કથાનો પ્રારંભ કીર્તન ભક્તિ તથા વરિષ્ઠ સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય અને મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીગનર)ના ઉદ્બોધનથી થયો હતો.

આ પ્રસંગે ચાલન વિધિ યજ્ઞથી શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, ગણપતિ અને હનુમાનજીની મૂર્તિને કલર કરી પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે પુનઃ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. શ્રી ઠાકોરજીના ગર્ભગૃહનું ઉચ્ચ ક્વોલીટીના આરસથી રીનોવેશન તથા દરેક દેવના સિંહાસનને સૂવર્ણ ઢોળથી નૂતન ઓપ આપવામાં આવ્યો હતો. સાંખ્યયોગી બહેનો સાથે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પણ આ પ્રસંગે પધાર્યા હતા. ધામોધામના બ્રહ્મનિષ્ઠ સંતોએ પધારીને દર્શન તથા પ્રાસંગિક આશીર્વાદ આપ્યા હતા.

નૂતન શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાન અ.નિ. કનુભાઈ બી. વેકરીયા અને પ.ભ. શ્રી ચંદુભાઈ જે. પટેલ, શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિના યજમાન સ.ગુ. સ્વામી શ્રી દેવકૃષ્ણદાસજી (રંગ મહોલ, અમદાવાદ) તથા પાટોત્સવના યજમાન પ.ભ. શ્રી ધીરુભાઈ જી. શેલડીયા સહિત વિવિધ સેવાના દરેક યજમાનશ્રીઓનું યથોચિત સન્માન કરી પ.પૂ. મહારાજશ્રીએ સર્વજનોને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**ઉનાવા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા ગાંધીનગર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા પ.ભ. ઈશ્વરભાઈ આદરભાઈ લલ્લુભાઈ પટેલ પરિવારના યજમાનપદે અત્રે ઉનાવા મંદિરનો ૪૧ મો પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૮-૦૪-૨૦૨૩ થી તા. ૨૨-૦૪-૨૦૨૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વામી વાસુદેવચરણદાસજી (એપ્રોચ બાપુનગર)ના વક્તાપદે સંપન્ન થઈ હતી.

તા. ૨૨-૦૪-૨૦૨૩ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક સંપન્ન થયો હતો. નવા ભોજનાલયનું ઉદ્ઘાટન પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. જેના યજમાન પ.ભ. રમણભાઈ સોમાભાઈ નાગરદાસ પટેલ તથા પ.ભ. વિમળાબેન રમણભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. મહંતશ્રી દેવ સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. (મયુર ફેનિલ પટેલ - ઉનાવા)

**જેતલપુરધામનો ૧૯૭ મો વાર્ષિક પાટોત્સવ**

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે પધરાવેલ મહાપ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શન પ્રમાણે તા. ૧૫-૦૩-૨૦૨૩ ફાગણ વદ-૮ ના રોજ ૧૯૭ મો વાર્ષિક પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિભૂષણ ત્રિદિનાત્મક કથા પારાયણ શા. સ્વામી ધર્મનંદનદાસજીના વક્તાપદે કથામૃતનું રસપાન કરાવ્યું હતું. ધામોધામથી સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી નૂતન ગંગામાના રસોડાનું ઉદ્ઘાટન કરીને સભામાં આશીર્વાદ પાઠવ્યા હતા. પાટોત્સવના યજમાનપદે પ.ભ. રમેશસિંહ આશાભા પરમાર, હ. વિક્રમસિંહ જયદીપસિંહે અલભ્ય લાભ લીધો હતો. (મહંત સ.ગુ. કે. પી. સ્વામી - જેતલપુરધામ)

**દેલમાલ ગામે શ્રીમદ્ ભાગવત પારાયણ**

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી

મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા સહ આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, મહેસાણા મંદિરના મહંત સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે પાટણ જીલ્લાના દેલમાલ ગામે આશરે ૧૫૦ વર્ષ જુના શ્રી સ્વામિનારાયણ મંદિરનો સાર્ધ શતાબ્દી મહોત્સવ તા. ૦૯-૦૪-૨૦૨૩ થી તા. ૧૩-૦૪-૨૦૨૩ સુધી ખૂબ જ ધામધૂમથી ઉજવાયો.

આ ગામ શ્રીકૃષ્ણ ભગવાન અને શ્રી બલરામજી મહારાજનું વિશેષ કૃપાપાત્ર હોય અને મલ્લોનું હોય જેમાં ભુજના ગંગારામ મલ્લ જેવા ભક્તો થયા હોય એવા દેલમાલ ગામે પંચ દિનાત્મક શ્રીમદ્ ભાગવત કથા પારાયણ થઈ હતી. જેના વક્તાપદે શા. સ્વામી ધર્મનંદનદાસજીએ (જેતલપુરધામ) કથાનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે સમૂહ મહાપૂજા, વિષ્ણુયાગ, રાસોત્સવ અને મલ્લકુસ્તી આદિક અનેક કાર્યક્રમો થયા હતા. આ પ્રસંગે આપણા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી સંતો તથા સાંખ્યયોગી બહેનોએ મોટી સંખ્યામાં પધાર્યા હતા. સમગ્ર ગામના હરિભક્તોના સાથ સહકારથી ભવ્ય ઉત્સવ ઉજવાયો. (શા. સ્વામી ધર્મનંદનદાસજી - જેતલપુરધામ)

**માંડલ ગામે ભવ્ય પાટોત્સવ તથા કથા**

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા સહ આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી માંડલ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૧૨ મો વાર્ષિક પાટોત્સવ તા. ૩૧-૦૩-૨૦૨૩ ના રોજ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

આ પાટોત્સવ પ્રસંગે તા. ૨૮-૦૩ થી ૩૦-૩ સુધી રાત્રિ કથા પારાયણનું આયોજન થયું હતું. જેમાં શા. સ્વામી ધર્મનંદનદાસજી તથા શા. સ્વામી જનમંગલદાસજીએ લાભ આપ્યો હતો.. પાટોત્સવના મુખ્ય યજમાન પદે પ.ભ. લાભુબેન છગનભાઈ ઠક્કર પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે જેતલપુર મંદિરના મહંત સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી તથા કાલુપુર મંદિરના ટ્રસ્ટી બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજીએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. આસપાસના ગામોના ઘણા હરિભક્તોએ પણ લાભ લીધો હતો. (શા. સ્વામી ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

**કોઠંબા ગામે ભવ્ય પાટોત્સવ**

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા સહ આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબાનો ૧૨૮ મો પાટોત્સવ પ.ભ. કાછિયા શૈલેષભાઈ જયંતીલાલ તથા પ.ભ. કાછિયા ભાવિક શૈલેષભાઈના યજમાનપદે ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી ધર્મનંદનદાસજી સ્વામી, જગતપ્રકાશદાસજી સ્વામી હિંમતનગરથી મહંત પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા નરનારાયણદાસજી સ્વામી તથા મુનિ સ્વામીએ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. ગામના સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી ભવ્ય પાટોત્સવ ઉજવાયો હતો. (સ્વામી જગતપ્રકાશદાસજી - જેતલપુરધામ)

**બાલાસિનોર ગામે ભવ્ય પાટોત્સવ**

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા સહ આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોરનો ૧૮૨ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૯-૦૩-૨૦૨૩ ના રોજ ધામધૂમથી ઉજવાયો. જેમાં જેતલપુરધામથી બ્ર. પવિત્રાનંદજી, જનમંગલ સ્વામી, અખંડ સ્વામી અને રામ સ્વામીએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. પાટોત્સવના યજમાનપદે પ.ભ. કાછિયા ગોવિંદભાઈ મણીલાલ તથા પ.ભ. કાછિયા ગોવિંદભાઈ વાડીલાલ પરિવારે લાભ લીધો હતો. ગામના

દરેક હરિભક્તોના સાથ સહકારથી ભવ્ય પાટોત્સવ ઉજવાયો. (સ્વામી જનમંગલદાસજી - જેતલપુરધામ)

**લુણાવાડા મંદિરનો ૧૭૫ મો શતામૃત પાટોત્સવ**

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમકૃપાથી, ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રમાણે તા. ૧૬-૦૨-૨૦૨૩ થી તા. ૨૦-૦૨-૨૦૨૩ સુધી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૭૫ મો શતામૃત મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત કથા પારાયણ થઈ હતી. જેના વક્તાપદે સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ કથામૃતનો લાભ આપ્યો હતો. ધામોધામથી સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં સૌ હરિભક્તોને રૂડાઆશીર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવમાં હોમાત્મક મહાપૂજા, સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ આપેલા પ્રસાદીના શ્રીહરિકૃષ્ણ લાલજી મહારાજનો દિવ્ય અભિષેક, છપ્પનભોગ અન્નકૂટ, નગરયાત્રા આદિક અનેકવિધ કાર્યક્રમો થયા હતા. શતામૃત પાટોત્સવના યશસ્વી યજમાનપદે પ.ભ.શ્રી દિનેશભાઈ પરસોતમભાઈ કા. પટેલ (ટ્રસ્ટીશ્રી અમદાવાદ મંદિર), નિરવભાઈ અને દિવ્યેશભાઈ પરિવારે લાભ લીધો હતો. નાના મોટા દરેક યજમાનશ્રી તથા આસપાસના ગામડાના ભક્તોના સાથ સહકારથી મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો.

(શા. સ્વામી ધર્મનંદનદાસજી - જેતલપુરધામ)

**ભાવપુરા ગામે ૧૫ મો વાર્ષિક પાટોત્સવ**

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમકૃપાથી તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળની આજ્ઞાથી તેમજ જેતલપુર મંદિરના મહંત પૂ. સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શન પ્રમાણે તા. ૧૩-૦૨-૨૦૨૩ થી તા. ૧૫-૦૨-૨૦૨૩ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર ભાવપુરાનો પંચદશાબ્દી મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો.

આ મહોત્સવ પ્રસંગે સ.ગુ.શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત વચનવિધિ ગ્રંથની કથા શા. સ્વામી ધર્મનંદનદાસજીના વક્તાપદે કથામૃતનું રસપાન કરાવ્યું હતું. ધામોધામથી સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવમાં કથા પારાયણના યજમાન પ.ભ.શ્રી પરસોતમભાઈ ત્રિભોવનદાસ પટેલ હ. કલ્પેશભાઈ, ઘનશ્યામભાઈ, પિન્ટુભાઈએ લાભ લીધો હતો. નાના-મોટા અન્ય યજમાનશ્રીઓ અને ગામના દરેક હરિભક્તોના સાથ સહકારથી આ મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો.

(શા. સ્વામી ધર્મનંદનદાસજી - જેતલપુરધામ)

**કોટા (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિર એવં વિશ્રાંતિભૂવન પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી તેમજ શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીના સુંદર આયોજનથી રાજસ્થાનના કોટા શહેરમાં સુંદર રમણીય શાંત વિસ્તારમાં શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું વિશ્રાંતિભુવન અને નૂતન ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ પૂર્ણ થતા ફાગણ વદ-૧૦ ને તા. ૧૭-૦૩-૨૦૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ હતી.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક કથા સ.ગુ. મહંત શા. સ્વા. ધર્મકિશોરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી (માણસા)ના વક્તાપદે હિન્દી ભાષામાં થઈ હતી.

આ પ્રસંગે ધામોધામના સંતો અને મુખ્ય અતિથિરૂપે માનનીય શ્રી ઓમપ્રકાશ બિરલા (લોકસભા અધ્યક્ષ), સ.ગુ. મહંત શા. સ્વા. નિર્ગુણદાસજી, સ.ગુ. મહંત શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર), જે.પી. સ્વામી આદિ ધામોધામથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) અને સ.ગુ. શા. સ્વા. નારાયણમુનિદાસજી (કોટા) એ શોભાવ્યું હતું. આ ભવ્ય

સંકુલ નિર્માણમાં અને મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગમાં હજારો ભક્તજનોએ વિવિધ સેવામાં યજમાન બની સેવા કરી હતી. (કોઠારી સ્વામી - કોટા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત સ્વા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૬-૪-૨૩ ના રોજ શ્રી હનુમાનજી જન્મોત્સવના શ્રી હનુમાનજીનું પૂજન કરી ફ્રુટનો અન્નકૂટ ધરાવી આરતી કરવામાં આવી હતી. તા. ૧૬-૪-૨૩ ના સત્સંગ સભામાં માણસા મંદિરના મહંત સ્વામી એ ભગવાન શ્રીહરિના માહાત્મ્યની વાતો કરી હતી. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી શ્રી ઘનશ્યામ મહિલા મંડળ દ્વારા દર મંગળવારે તેમજ બન્ને એકાદશીના સુંદર સભા થાય છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી દર રવિવારે બાળ મંડળ અને બાલિકા મંડળની સભા થાય છે. દર માસના છેલ્લા રવિવારે ખીચડી ઉત્સવ થાય છે.

સમગ્ર આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા શ્રી ઘનશ્યામ મહિલા મંડળ દ્વારા કરવામાં આવે છે.

(જયેશકુમાર સુરાની)

**બોપલ મંદિરનો ૧૮ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વૈશાખ સુદ-૭ તા. ૨૭-૪-૨૦૨૩ ને ગુરુવારે બોપલ સ્વામિનારાયણ મંદિરનો ૧૮ મો વાર્ષિક પાટોત્સવ, અ.નિ. વિનયકાન્ત ઠક્કરના ધર્મપત્નિ ગં.સ્વ. મંજુલાબેન વિ. ઠક્કર તથા તેમના બે સુપુત્રોના યજમાનપદે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. મહંતશ્રી ધર્મસુતપ્રિયદાસજી સ્વામી તથા શ્રી ધ્યાનપ્રિયદાસજી સ્વામી સહિત સંત મંડળે આ પ્રસંગે પ્રભુના ચરિત્રોની કથા-કીર્તનનું મહાસુખ આપ્યું હતું. આ પ્રસંગે કાલુપુર મંદિર તથા ધામોધામથી સંતો પધાર્યા હતા. (પ્રવિણ ઉપાધ્યાય)

## મૂળી પ્રદેશના સમાચાર

**બળોલ (ભાલ) (સ.ગુ. દેવાનંદ સ્વામીનું જન્મ સ્થાન) ગામે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના રૂડા આશીર્વાદથી તથા મૂળી મંદિરના મહંત શા. સ્વા. હરિપ્રકાશદાસજી, મહંત સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી અને હજૂરી પાર્ષદ શ્રી વનરાજ ભગતની પ્રેરણા-માર્ગદર્શનથી બળોલ બહેનોના મંદિરમાં વરસોથી સેવા કરીને બહેનોના સત્સંગને ખૂબ પોષણ આપી શ્રી નરનારાયણદેવ - મૂળી શ્રી રાધાકૃષ્ણદેવની અને ધર્મકુળની નિષ્ઠા ખૂબજ દ્રઢ કરાવી હતી તેવા અ.નિ.પૂ. સાંખ્યયોગી અમરબાના સ્મરણાર્થે બળોલ મહિલા મંડળના સુંદર આયોજનથી તા. ૧૧-૦૪-૨૦૨૩ થી તા. ૧૫-૦૪-૨૦૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. મહંત શા. સ્વામી હરિપ્રકાશદાસજી (મૂળી) અને સ.ગુ. શા. સ્વા. વાસુદેવચરણદાસજી (એપ્રોચ મંદિર)ના વક્તાપદે ધામધૂમથી થઈ હતી. આ પ્રસંગે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તા. ૧૧-૦૪-૨૦૨૩ ના રોજ પધાર્યા હતા અને બન્ને મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં બિરાજમાન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સમગ્ર ગ્રામજનોએ સેવા કરીને પૂ. અમરબાના સંકલ્પને પૂર્ણ કર્યો હતો. ધામોધામથી ઘણા સંતો-સાંખ્યયોગી બહેનો અને હરિભક્તો પધાર્યા હતા. (બૂટીયા રણછોડભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (જુનું ટાવરવાળું)**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી હળવદ શ્રી સ્વામિનારાયણ મંદિર (જુનું ટાવરવાળું) નો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૧-૨-૨૩ થી તા. ૨૫-૨-૨૩ પર્યન્ત પંચ દિનાત્મક શ્રી વિદુરનીતિ ગ્રંથની કથા પૂજારી સ્વામી ભક્તિનંદનદાસજીએ કરી હતી. જેના યજમાન પ.ભ. ઘનશ્યામલાલ છગનલાલ સોની પરિવારે લાભ લીધો હતો. આ મંદિર સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ બંધાવ્યું હતું. અને મૂર્તિ પ્રતિષ્ઠા આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કરી હતી. આ પ્રસંગે કથા, યજ્ઞ, મહાપૂજા, અખંડ ધૂન, વચનામૃત, શિક્ષાપત્રી પૂજન, ઠાકોરજીનો અભિષેક આદિ કાર્યક્રમ થયા હતા. ધામોધામથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન બ્રહ્મદર્શન સ્વામીએ કર્યું હતું. (અનિલ દુધરેજીયા)

**ધ્રાંગધ્રા બહેનોના મંદિરનો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી ધ્રાંગધ્રા હળવદ રોડ ઉપર આવેલ આપણા શ્રી નરનારાયણદેવ

તાબાના બહેનોના મંદિર ખાતે ત્રીજો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેમાં દેવનો અભિષેક, અન્નકૂટ આરતી અને ૧૨ કલાકની અખંડ ધૂન બહેનોએ કરી હતી. જેમાં સાં. કંચનબા, આદિ સાંખ્યયોગી બહેનોએ સુંદર આયોજન કર્યું હતું. (અનિલ દુધરેજીયા)

**રણજીતગઢ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) માં મૂર્તિ પ્રતિષ્ઠા**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા હળવદ મંદિર સરા ચોકડીના શ્રીજીસ્વરૂપદાસજીની પ્રેરણાથી રણજીતગઢ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૬-૩-૨૩ ના રોજ પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમપૂર્વક ઉજવાયો.

આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન મહાગ્રંથની પંચ દિનાત્મક પારાયણ શા. સ્વામી વ્રજવલ્લભદાસજી (મૂળી) મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (ચરાડવા) અને શા. સ્વા. ધર્મવલ્લભદાસજી (મૂળી)એ કથાનો લાભ આપ્યો હતો.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પધારીને ઠાકોરજીની આરતી ઉતારીને બહેનોને ગુરુ મંત્ર આપ્યો હતો. સભા સંચાલન શા.સ્વા. ભક્તિનંદનદાસજીએ કર્યું હતું. ધામોધામથી સંતો-સાંખ્યયોગી બહેનો અને હરિભક્તો પધાર્યા હતા. (અનિલ દુધરેજીયા)

**સમસ્ત સત્સંગ જોગ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદના સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ સ્વામી સૂર્યપ્રકાશદાસજીને ત્યાગી પંચની મિટિંગ તા. ૨૯-૧૨-૨૦૨૨ ના ઠરાવ મુજબ અમદાવાદ દેશમાંથી બરખાસ્ત કરેલ છે. જેથી તેઓ શ્રીનરનારાયણદેવ દેશના નાગરિક રહ્યા નથી તેમની સાથે કોઈ સંતો કે સત્સંગીઓએ કોઈ પ્રકારનો વ્યવહાર કરવો નહી. જેની સૌ હરિભક્તોએ નોંધ લેવી. જેઓ સંપ્રદાયની મર્યાદા અને ગરિમા ન જળવાય તેવી પ્રવૃતિ કરતા હોવાની ફરિયાદ હરિભક્તો દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને મળતા પૂ. મહારાજશ્રીએ ત્યાગી પંચને ધ્યાન દોરતા ત્યાગી પંચે પૂ. મહારાજશ્રીની સંમતિથી આ નિર્ણય લીધો છે.**

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**પોષ સુદ-૧** પ.ભ. શિવાલી કનુભાઈ ચૌધરી (ચરાડા), પ.ભ. મંજુલાબેન નરસિંહભાઈ પટેલ (કાત્રોડી), પ.ભ. પ્રદિપાબેન - અરૂણાબેન (અમદાવાદ). **પોષ સુદ-૨/૩** પ.ભ. દેવુ ભગત જયશિયારામ (રાણાકંડોરણા), પ.ભ. ડૉ. કુલભૂષણ કે. પટેલ (ગાંધીનગર), પ.ભ. પ્રતિકભાઈ ઘનશ્યામભાઈ સુતરીયા (જાળીલા), અ.નિ.પ.ભ. ભાવનાબેન પંકજભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ભોગીલાલ આર. પંડ્યા (અમદાવાદ), પ.ભ. પ્રદિપાબેન તથા અરૂણાબેન (અમદાવાદ), અ.નિ.પ.ભ. રમણભાઈ રણછોડભાઈ પટેલ (બાયડ), પ.ભ. પટેલ બાબુભાઈ શિવરામદાસ (કલ્યાણપુરા), પ.ભ. એક હરિભક્ત (મુંબઈ), પ.ભ. ઉન્નતિબેન રૂષિકુમાર ચૌધરી (અમદાવાદ). **પોષ સુદ-૪** અ.નિ.પ.ભ. ચૌધરી શાંતાબાના સ્મરણાર્થે (બાલવા), પ.ભ. પટેલ કનુભાઈ ત્રિભોવનદાસ (જાકાસણ), પ.ભ. પટેલ પ્રદિપકુમાર રમેશભાઈ (ઉંઝા), પ.ભ. હરિદાસભાઈ તથા મંદસ્મિતાબેન (અમદાવાદ), પ.ભ. ચૌધરી વેલજીભાઈ લાલાભાઈ (બાલવા). **પોષ સુદ-૫** પ.ભ. પ્રદિપાબેન તથા અરૂણાબેન (અમદાવાદ), પ.ભ. બાબુભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ.પ.ભ. રૂક્ષ્મણીબેન કાંતિભાઈ પટેલ (ધનસુરા), પ.ભ. રવિકુમાર હંસરાજભાઈ (અમદાવાદ), પ.ભ. જયશ્રીબેન રમણીકલાલ (કોલ્હાપુર). **પોષ સુદ-૬** પ.ભ. ક્રેયાબેન લાંઘણેચા, અ.નિ. પ.ભ. રૂક્ષ્મીબેન પ્રેમજી વાઘજીયાણી (નારણપર-કચ્છ), અ.નિ. પ.ભ. સિલ્કી બિંદેશ પટેલ (ગાંધીનગર). **પોષ સુદ-૭** પ.ભ. જયંતભાઈ મીસ્ત્રી (અમદાવાદ). **પોષ સુદ-૮** પ.ભ. નટુભાઈ કાળાભાઈ ચોવટીયા (સુરત). **પોષ સુદ-૯** પ.ભ. પોપટલાલ બેચરભાઈ પટેલ (ઉંઝા), પ.ભ. હર્ષદભાઈ લાલભાઈ પટેલ (શિલજ), પ.ભ. વિપુલ સૂર્યકાંતભાઈ સોની (અમદાવાદ). **પોષ સુદ-૧૦** પ.ભ. ડાહ્યાભાઈ મણીભાઈ પટેલ (બાયડ), પ.ભ. રૂપાબેન દિપકભાઈ શાહ (અમદાવાદ), પ.ભ. ઠક્કર પરેશભાઈ ચંદુલાલ, અ.નિ.પ.ભ. શિવજીભાઈ ધનજીભાઈ વેકરીયા (માંડવી-કચ્છ), શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (કારીયાણી), પ.ભ. સોડવડીયા હિતેષકુમાર કાંતિલાલ (અમદાવાદ), પ.ભ. ચૌધરી જીવણભાઈ મહોતભાઈ (બાલવા), પ.ભ. ભટ્ટ ભાવેશભાઈ ચંદ્રકાંતભાઈ (અમદાવાદ), અ.નિ.પ.ભ. પટેલ ભરતકુમાર કાળાભાઈ (વાવોલ), પ.ભ. વાઘેલા પ્રવિણસિંહ રામસિંહજી (અમદાવાદ). **પોષ સુદ-૧૧** અ.નિ.પ.ભ. વાલબાઈ માવજી વેકરીયા (બળદીયા-કચ્છ), પ.ભ. ભટ્ટ પારૂલબેન ભાવેશભાઈ (અમદાવાદ). **પોષ સુદ-**

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**૧૨** પ.ભ. હિરાણી રાજેશ મનજી (કોડકી-કચ્છ), અ.નિ.પ.ભ. પટેલ ઘનશ્યામલાલ જેઠાલાલ (કલોલ), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (અમદાવાદ), પ.ભ. ધનજીભાઈ ખુશાલભાઈ પટેલ (મણીપુરા), પ.ભ. ઠક્કર રિધ્ધિબેન પંકજભાઈ (અમદાવાદ), પ.ભ. હિરાણી મનજી શિવજી (નારાયણપર-કચ્છ), અ.નિ.પ.ભ. વરસાણી કુવરબેન નાનજી (માનકુવા-કચ્છ), પ.ભ. મેઘબાઈ (કુંદનપુર-કચ્છ), પ.ભ. પટેલ હર્ષદભાઈ (અમદાવાદ). **પોષ સુદ-૧૩** અ.નિ.પ.ભ. કલાવતીબેન મનહરલાલ (વડોદરા), અ.નિ.પ.ભ. વેકરીયા રામજી હરજી (માંડવી-કચ્છ). **પોષ સુદ-૧૪** પ.ભ. આચાર્ય હર્ષાબેન સૂર્યકાંતભાઈ (અમદાવાદ), પ.ભ. રાઠોડ ફાલ્ગુનીબેન (અમદાવાદ). **પોષ સુદ-૧૫** પ.ભ. પટેલ અનાયા ચેતનભાઈ (અમદાવાદ).

**પોષ વદ-૧** સાંખ્યયોગી ભારતીબા, સાંખ્યયોગી ચંપાબા (કલાલી), પ.ભ. પટેલ રોનક રમેશભાઈ, પ.ભ. પર્વ મોઢ (અમદાવાદ), પ.ભ. ઝિંઝુવાડીયા ક્રિશ ભાવિનભાઈ (હળવદ). **પોષ વદ-૨** મહિલા મંડળ (ધોળકા), અ.નિ.પ.ભ. પટેલ લાલજીભાઈ ચંદુલાલ (કોટેશ્વર), અ.નિ. સ.ગુ. કોઠારી સ્વામી ધર્મજીવનદાસજી (બોટાદ ગુરુકુળ), અ.નિ.પ.ભ. સોની હરિલાલ વિઠ્ઠલદાસ (અમદાવાદ), પ.ભ. ભાવસાર ભારતીબેન ભરતકુમાર (અમદાવાદ), પ.ભ. ત્રાડા કાંતિભાઈ ભીખાભાઈ (અમદાવાદ), પ.ભ. દેવાણી અક્ષય (અમદાવાદ), પ.ભ. પટેલ શકરીબેન પ્રહલાદભાઈ (પલીયડ), અ.નિ. જગજીવનભાઈ ગોરધનભાઈ (વિસતપુરા), પ.ભ. કાંતાબેન કૃષ્ણભાઈ (નારદીપુર), પ.ભ. પટેલ રાજેશકુમાર જયંતીલાલ (મોટેરા), પ.ભ. પટેલ ગોવિંદભાઈ મણીલાલ (વડુ), પ.ભ. માલતીબેન સુરેન્દ્રકુમાર (સોજા). **પોષ વદ-૩** અ.નિ.પ.ભ. પટેલ ગાંડાભાઈ કેશવલાલ (વડુ), પ.ભ. છાયાબેન કમલેશકુમાર (કરમસદ). **પોષ વદ-૪** અ.નિ.પ.ભ. ઘનશ્યામભાઈ ખોડીદાસ (વડુ), પ.ભ. ઈશ્વરભાઈ દશરથભાઈ (સાકોદરા), દેવકૃપા એજન્સી (અમદાવાદ). **પોષ વદ-૫** અ.નિ. પટેલ મનીષભાઈ (સાયરા), પ.ભ. પટેલ લલીતાબેન નારણભાઈ (ભાટેરા), પ.ભ. પટેલ દર્પિત ઉમેશભાઈ (કંજરીકંપા), પ.ભ. સી.કે. (પૂજાપાવાળા) (ચાંદખેડા). **પોષ વદ-૬** પ.ભ. અમિત ગજ્જર, પ.ભ. ભટ્ટ ભાર્ગવ હરિદત (ન્યુજર્સી), પ.ભ. પટેલ પ્રવિણકુમાર ત્રિભોવનદાસ. **પોષ વદ-૭** પ.ભ. હાલાઈ રતનશીભાઈ મેઘજી (ગોધરા-કચ્છ), અ.નિ.પ.ભ. ભરતભાઈ હરગોવિંદદાસ (અમદાવાદ), પ.ભ. હિરપરા વલ્લભભાઈ લક્ષ્મણભાઈ (જસદણ), પ.ભ. પટેલ હિરલબેન અમરકુમાર (અમદાવાદ), પ.ભ. પૂજારા નિતિનભાઈ ચતુરભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ માધવદાસ મગનદાસ (ચડાસણા), પ.ભ. પટેલ કાંતાબેન બાબુલાલ (કરજીસણ), પ.ભ. પટેલ સુરેશકુમાર કાંતિલાલ (મોખાસણ), પ.ભ. પટેલ તેજલબેન મનીષકુમાર (અમદાવાદ), અ.નિ.પ.ભ. પિંડોરીયા લક્ષ્મણ વાઘજી (સામત્રા-કચ્છ), પ.ભ. પિંડોરીયા પુરબાઈ લક્ષ્મણ (સામત્રા-કચ્છ), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (અમદાવાદ). **પોષ વદ-૮** પ.ભ. પટેલ મનસુખભાઈ રામાભાઈ (રાયણીયા), અ.નિ.પ.ભ. કમુબેન કાળાભાઈ (અમદાવાદ), પ.ભ. ડૉ. ચંદ્રેશભાઈ વઘાસીયા (રાજકોટ), પ.ભ. પટેલ રાજેન્દ્ર રમણલાલ (અમદાવાદ), પ.ભ. માંગરોળીયા રક્ષિત મનસુખભાઈ (અમરેલી). **પોષ વદ-૯** શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (અમદાવાદ). **પોષ વદ-૧૦** પ.ભ. પટેલ મંજુલાબેન ઈન્દુભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ સુરેશભાઈ નટવરલાલ (કલોલ). **પોષ વદ-૧૨** પ.ભ. પાઠક મિશા તથા મિષ્ટી (અમદાવાદ), પ.ભ. પટેલ જીગ્નેશભાઈ અંબાલાલ (મોટેરા), પ.ભ. પટેલ સવિતાબેન ચિમનલાલ (વડોદરા), પ.ભ. રાદડીયા લાભુબેન કેશુભાઈ (બાપુનગર), પ.ભ. હંસાબેન નટુભાઈ (લસુન્દ્રા), પ.ભ. અ.નિ. પટેલ ગંગાબેન અંબાલાલ (ધમાસણા), પ.ભ. પટેલ મીનાબેન પંકજભાઈ (હંસપુરા), પ.ભ. અંકિતભાઈ વસંતભાઈ (વેડા), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (અમદાવાદ), પ.ભ. હિરાણી મનજી શિવજી (નારાયણપર-કચ્છ). **પોષ વદ-૧૪** અ.નિ.પ.ભ. પટેલ શ્લોક રમેશભાઈ (ઉનાવા). **પોષ વદ-૩૦** અ.નિ.પ.ભ. જેસાણી રામબાઈ કરશનભાઈ (બળદીયા-કચ્છ), પ.ભ. ગજેરા હરિકૃષ્ણભાઈ કપીલભાઈ (સોલા), અ.નિ. પટેલ સવિતાબેન લક્ષ્મીદાસ (ભીલવાડા), પ.ભ. અભિભાઈ દિલીપભાઈ ભીમાણી (અમદાવાદ), અ.નિ.પ.ભ. વરસાણી કરશન લક્ષ્મણ (ગોધરા-કચ્છ).

**મહા સુદ-૧** પ.ભ. પટેલ કૃષ્ણકાંત કાંતિલાલ (અમદાવાદ), પ.ભ. પરમાર ઉષાબેન સુરેન્દ્રભાઈ, પ.ભ. ઠક્કર વાસુદેવભાઈ (અમદાવાદ), પ.ભ. પાંભર રાજેશ મનુભાઈ (બોપલ), અ.નિ.પ.ભ. વાલાણી વાલબાઈ ખીમજી (સુખપર-કચ્છ), અ.નિ.પ.ભ. નર્મદાબેન કાનજીભાઈ ઘેલાભાઈ (ગવાડા), અ.નિ.પ.ભ. નર્મદાબેન કાનજીભાઈ ઘેલાભાઈ (ગવાડા). **મહા સુદ-૨** પ.ભ. સોની મધુસુદનભાઈ ચેતનાબેન. **મહા સુદ-૩** પ.ભ. પલબેન હેમંતકુમાર, પ.ભ. પટેલ સવિતાબેન ધુળાભાઈ (રાણીપ), અ.નિ.પ.ભ. લક્ષ્મીદાસકાકા તથા ધનલક્ષ્મીબેન. **મહા સુદ-૪** પ.ભ. પટેલ જયેશ પ્રભુદાસ (ગોરજ), પ.ભ. પટેલ વિનુભાઈ મૂળજીભાઈ (ગોઠીબ-સંતરામપુર). **મહા સુદ-૫** પ.ભ. અમરકુમાર વિષ્ણુપ્રસાદ, પ.ભ. ગાંધી કનુભાઈ ખીમચંદ (અમદાવાદ), પ.ભ. પટેલ માણેકલાલ શંકરદાસ (મોખાસણ), પ.ભ. શ્રીવાસ્તવ ગીરીશચંદ્ર એસ. (અમદાવાદ). **મહા સુદ-૬** પ.ભ. પટેલ સવિતાબેન રામદાસ મગનદાસ (ધુમાસણ), પ.ભ. પટેલ દિપકભાઈ ચિમનભાઈ (બાયડ), પ.ભ. પટેલ રેખાબેન કે. પટેલ (બોપલ). **મહા સુદ-૭** પ.ભ. ત્રિવેદી કૌશિકભાઈ, પ.ભ. પટેલ કહાન જયમિનભાઈ. **મહા સુદ-૮** અ.નિ.પ.ભ. ઠક્કર મધુબેન

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

યશવંતલાલ (અમદાવાદ), પ.ભ. ટાંક નર્મદાબેન હરિશભાઈ (અમદાવાદ). **મહા સુદ-૯** ગં.સ્વ. શાંતાબેન નટવરલાલ (અમદાવાદ), પ.ભ. મંજુલાબેન વિષ્ણુભાઈ (મારૂસણા), પ.ભ. હાલાઈ વસંત મનજી (દહીંસરા-કચ્છ). **મહા સુદ-૧૦** પ.ભ. કાનુગા પૂજા સમીર (અમદાવાદ). **મહા સુદ-૧૨** પ.ભ. સાવલીયા દિપકબેન રજનીભાઈ (પીઠવડી), પ.ભ. ભુડીયા ખીમજી શામજી (ફોટડી-કચ્છ), પ.ભ. પટેલ મિવાન દેવવ્રત, પ.ભ. ભાવસાર શૈલેષભાઈ (સરસપુર), પ.ભ. પટેલ હાર્દિક, પ.ભ. હિરાણી મનજી શિવજી (નારાયણપર-કચ્છ). **મહા સુદ-૧૩** પ.ભ. હિરાણી મેઘબાઈ વાલજી (માંડવી-કચ્છ), પ.ભ. કાપડીયા સંજયકુમાર લાલજીભાઈ (નિકોલ), પ.ભ. જોશી વંશ પરેશભાઈ (અમદાવાદ), પ.ભ. ઘોઘાણી ગોવિંદ નાનજીભાઈ (ચંદ્રપુર - મહારાષ્ટ્ર), પ.ભ. હિરાણી ભાણભાઈ કાનજી (ફોટડી-કચ્છ). **મહા સુદ-૧૪** પ.ભ. પટેલ હિરાબેન કાંતિલાલ (અમદાવાદ), અ.નિ.પ.ભ. દશરથલાલ ઈશ્વરભાઈ (માણસા), પ.ભ. ભુડીયા આશાબેન ગોવિંદ (ફોટડી-કચ્છ), પ.ભ. પટેલ કમળાબેન છગનભાઈ (આકરૂંદ), પ.ભ. પટેલ હર્ષ સુરેશકુમાર (ગાંધીનગર). **મહા સુદ-૧૫** પ.ભ. પટેલ નિર્ભય રમેશભાઈ (પલીયડ), પ.ભ. રાબડીયા વેલજી ભીમજી (માંડવી-કચ્છ), પ.ભ. પટેલ બાબુભાઈ દાનાભાઈ (ભિચોડ), પ.ભ. પટેલ ધીમંતભાઈ કિરીટભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ ઠાકોરભાઈ ચંદુભાઈ (વડોદરા), અ.નિ.પ.ભ. ઠક્કર ધીરજલાલ નાનાલાલ (અમદાવાદ), પ.ભ. પટેલ યોગેશભાઈ (અમદાવાદ), પ.ભ. મંજુલાબેન નટવરભાઈ (અમદાવાદ).

**મહા વદ-૧** પ.ભ. પટેલ કેતનભાઈ ગીરીશભાઈ (અમદાવાદ), પ.ભ. સાવલીયા ગોપી મુકુન્દભાઈ (આંબા), પ.ભ. લીંબાણી હરિશભાઈ નાનજીભાઈ (પૂના), પ.ભ. પટેલ કાંતાબેન અંબાલાલ (ઝુંડાલ), સાંખ્યયોગી રાજકુંવબા તથા સાંખ્યયોગી ઉષાબા (મોરબી). **મહા વદ-૨** પ.ભ. અમીબેન અરવિંદભાઈ (અમદાવાદ). **મહા વદ-૩** પ.ભ. વિઠ્ઠલાણી હરગોવિંદભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ ક્રિશ રવિ પ્રહલાદભાઈ (માણસા), પ.ભ. પટેલ શનિ ડેનીલ (પલીયડ), અ.નિ.પ.ભ. કુસુમબેન જયંતીભાઈ. **મહા વદ-૪** પ.ભ. પટેલ કનુભાઈ શીવાભાઈ (કુંડાલ), પ.ભ. પંચાલ ગીરીશભાઈ કનૈયાલાલ (અમદાવાદ), અ.નિ.પ.ભ. ચોકસી જબુબેન નરસિંહદાસ, પ.ભ. પટેલ મિત શૈલેષભાઈ (ચાંદખેડા). **મહા વદ-૫** પ.ભ. પટેલ ભોળાભાઈ મોતીદાસ (અમદાવાદ), અ.નિ.પ.ભ. હિરાણી કરશનભાઈ મનજીભાઈ (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. પટેલ ગોવિંદભાઈ જોઈતારામભાઈ (જમીયતપુરા). **મહા વદ-૬** પ.ભ. રાણા રાજેન્દ્રસિંહ વાઘુભા (ગાંધીનગર), પ.ભ. પટેલ ભાવેશભાઈ બબાભાઈ (ઉનાવા), અ.નિ.પ.ભ. પટેલ કમળાબેન કુવરજીભાઈ, અ.નિ.પ.ભ. મનસુખભાઈ મૂળજીભાઈ (અમદાવાદ), અ.નિ.પ.ભ. નર્મદાબેન કાનજીભાઈ (ગવાડા), પ.ભ. દિલીપભાઈ મણીલાલ (નવા નિકોલ). **મહા વદ-૭** અ.નિ.પ.ભ. ચૌધરી માદેવભાઈ રામભાઈ (બાલવા), અ.નિ.પ.ભ. પટેલ જોઈતારામ ત્રિભોવનદાસ (ગાંધીનગર), પ.ભ. દવે ભગવતપ્રસાદ ચિમનલાલ (કાલુપુર). **મહા વદ-૮** પ.ભ. પટેલ પાર્થ ભાઈલાલભાઈ (અમદાવાદ). **મહા વદ-૯/૧૦** અ.નિ. ચૌધરી મેનાબેન રણછોડભાઈ (બાલવા). **મહા વદ-૧૨** પ.ભ. ડુંગરાણી કાનજીભાઈ મોતીભાઈ (ઉગામેડી), પ.ભ. ચૌધરી તુષાર રણછોડભાઈ (પ્રતાપપુરા), પ.ભ. પાર્થ ગોવિંદભાઈ (બાલવા), પ.ભ. વેલબાઈ ખીમજી કાનજી (ભારાસર-કચ્છ), પ.ભ. વેલબાઈ ખીમજી કાનજી (ભારાસર-કચ્છ). **મહા વદ-૧૩** (મહાશિવરાત્રી) પ.ભ. બ્રહ્મભટ્ટ જય કાજલ. **મહા વદ-૧૪** પ.ભ. પટેલ ભાવનાબેન મનીષભાઈ (અમદાવાદ), અ.નિ.પ.ભ. રાવલ હરિકૃષ્ણ શિવશંકર (અમદાવાદ), પ.ભ. પટેલ અંબાલાલ કોદરદાસ (ગવાડા), પ.ભ. સુહાગીયા અશોકભાઈ ગોવિંદભાઈ (અમદાવાદ), પ.ભ. કાછડીયા કાળુભાઈ બાબુભાઈ (અમદાવાદ), પ.ભ. હિરાણી મનજી શિવજી (નારણપર-કચ્છ), શ્રી નરનારાયણદેવ (ભુજ-કચ્છ), અ.નિ.પ.ભ. પડશાળા પરસોતમભાઈ નાનજીભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ પ્રિયંકા નિર્સગકુમાર (મોખાસણ), પ.ભ. પટેલ ભુપેન્દ્રભાઈ મંગળભાઈ (સાયરા), પ.ભ. પટેલ કનુભાઈ શંકરભાઈ (સાયરા), પ.ભ. પટેલ વાનિ વિહારભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ વાનિ વિહારભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ નિકુંજ મહેન્દ્રભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ ભાવનાબેન દિનેશકુમાર (સૈજપુર). **મહા વદ-૩૦** શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (રાજપુર), પ.ભ. ડુંગરાણી કાનજીભાઈ મોતીભાઈ (ઉગામેડી), અ.નિ.પ.ભ. હિરાબેન નાથાભાઈ (વાસણા), અ.નિ.પ.ભ. સાંખલાણી માવજીભાઈ ખેતાભાઈ (નેત્રા-કચ્છ).

**અંક ન મળવાની ફરિયાદ માટે સંપર્ક : પ.ભ. ગોરધનભાઈ સીતાપરા મો. : ૮૭૮૦૪૩૪૯૪૧**

**શ્રી નરનારાયણદેવની ધજાના યજમાનશ્રી : નીલકંઠ એન્ડ હરિકૃષ્ણ - ઉનાવા**

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ००૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ००૧ વતી પ્રકાશિત કર્યું.





બળોલ (ભાલ) ગામે સાં.યો.અમરબા નિમિત્તે આયોજીત કથા પારાયણ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

રામપરા (મૂળીપ્રદેશ) ગામે બહેનોના મંદિરમાં અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





કોટા (રાજસ્થાન) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી અને સભામાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે અતિથિ શ્રી ઓમ બિરલા (લોકસભા સ્પીકર)



ઉઢાવા ગામે પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



દેલમાલ ગામે કથા પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



કુડાસણ ગામે કથા પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023

